# શ્રી પ્રગતિ મંડળ સંચાલિત

## ભાદરણ, તા.બોરસદ, જી.આણંદ-૩૮૮૫૩૦

શ્રી પ્રગતિ મંડળ સંચાલિત, આર્ટસ, સાયન્સ એન્ડ આર.એ.પટેલ કોમર્સ કોલેજ, ભાદરણ, જી.આણંદને ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી ગાંધીનગરના પત્ર ક્રમાંક:કવટ/isc3/વર્ગ-3/NOC/22989-91, તારીખ:19/09/2025 ના પત્રથી વર્ગ-3 ની સીધી ભરતી માટે NOC મળેલ છે. આપેલ કેટેગરી મુજબ પાંચ વર્ષના ફિક્સ પગારથી ભરવાની થાય છે.

### (૧) જગ્યાઓની વિગતો

<table>
<tr><td colspan="6">શ્રી પ્રગતિ મંડળ સંચાલિત, આર્ટસ, સાયન્સ એન્ડ આર.એ.પટેલ કોમર્સ કોલેજ, ભાદરણ, આણંદને ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી ગાંધીનગરના પત્ર ક્રમાંક:કવટ/isc3/વર્ગ-3/NOC/22989-91, તારીખ:19/09/2025 ના પત્રથી વર્ગ-3 ની સીધી ભરતી માટે NOC મળેલ છે. આપેલ કેટેગરી મુજબ પાંચ વર્ષના ફિક્સ પગારથી ભરવાની થાય છે.</td></tr>
<tr><th>ક્રમ</th><th>જગ્યાનું નામ</th><th>કુલ ખાલી જગ્યા</th><th>કેટેગરી</th><th colspan="2">લાયકાત</th></tr>
<tr><td>૧</td><td>હેડ ક્લાર્ક</td><td>૧</td><td>OPEN</td><td rowspan="3">રાજ્ય સરકારશ્રીની માન્ય યુનિ. માંથી સ્નાતક પાસ કરેલ હોવા જોઇએ અને કોમ્પુટરનું જ્ઞાન આવશ્યક છે.</td><td rowspan="5">રાજ્ય સરકારશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, સામાન્ય વહીવટ વિભાગ તથા નાણા વિભાગ તથા સરદાર પટેલ.યુનિ. ના ભરતીના નિયમો અને લાયકાતના ધોરણો મુજબ ભરવાની થશે.</td></tr>
<tr><td>૨</td><td>સિનિયર ક્લાર્ક</td><td>૧</td><td>OPEN</td></tr>
<tr><td>3</td><td>લેબ આસિસ્ટન્ટ</td><td>(ફિઝીક્સ-૧,કેમેસ્ટ્રી-૧)</td><td>OPEN</td></tr>
<tr><td>૪</td><td>ગેસ મિકેનિક</td><td>૧</td><td>OPEN</td><td>I.T.I Michenic Course OR Diploma in Mechanical Engineering</td></tr>
<tr><td>૫</td><td>પ્લાન્ટ કલેકટર</td><td>૧</td><td>OPEN</td><td>Std- X Pass અને ગાર્ડનરનો અનુભવ</td></tr>
<tr><td colspan="6">ઉપર જણાવેલ જગ્યા રાજ્ય સરકારશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, સામાન્ય વહીવટ વિભાગ તથા નાણા વિભાગ તથા સરદાર પટેલ.યુનિ. ના ભરતીના નિયમો અને લાયકાતના ધોરણો મુજબ ભરવાની થશે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના લેખિત પરીક્ષાના અભ્યાસક્રમના માળખા મુજબ લેખિત પરીક્ષા આપવાની રહેશે. એક કરતા વધુ સવર્ગ (જગ્યા) માટે અલગ ફ્રોર્મ અને અલગ પ્રોસેસીંગ ફી ભરવાની રહેશે. લાયકાત ધરાવતા ઉમેદવારોએ જાહેરાત પ્રસિધ્ધ થયાના દિન-૧૫ માં રજીસ્ટર પોસ્ટ એડી./સ્પીડ પોસ્ટ થી અરજી કરવાની રહેશે. રૂબરૂ અરજી લેવામાં આવશે નહિ. અરજીનું ફોરમેટ કોલેજની વેબસાઈટ ઉપર મુકેલ છે. વેબસાઈટ ઉપર મુકેલ અરજીના ફોરમેટમાં જ અરજી કરવાની રહેશે. આ અરજી ફોર્મ સાથે L.C, ગુણ પત્રકો, તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો, અનુભવના પ્રમાણપત્રો સ્વપ્રમાણિત કરી જોડવા. અધુરી વિગતવાળી અને આધાર વિનાની અને નિયત સમયમર્યાદા બાદ મળેલ અરજી અમાન્ય ગણવામાં આવશે. ભરતી અંગેની વધુ વિગત ઉપર જણાવેલ કોલેજ વેબસાઈટ ઉપર મુકેલી છે. જે વાંચીને જ ફોર્મ ભરવાનું રહેશે. ઉમેદવારે પોતાના સરનામાવાળા 10*4 ના કવર ઉપર રૂ.૪૦/-ની ટિકિટ ચોટાડી મોકલવાનું રહેશે. અરજી સાથે રૂ.1000/- નો નોન-રીફન્ડેબલ ડિમાન્ડડ્રાફ્ટ SHREE PRAGATI MANDAL, BHADRAN ના નામનો અવશ્ય સામેલ રાખી મંત્રીશ્રી, શ્રી પ્રગતિ મંડળ,ભાદરણ, કોલેજ કેમ્પસ,ભાદરણ-૩૮૮૫૩૦ તા.બોરસદ, જી.આણંદ ના સરનામે અરજી મોકલી આપવી.</td></tr>
</table>

### (૨) વય મર્યાદા અને શૈક્ષણિક લાયકાત

- માન્ય યુનિવર્સિટી માથે સ્નાતક પાસ કરેલ હોવા જોઈએ
- ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતીના (સામાન્ય) નિયમો 1967 માં ઠરાવ્યા પ્રમાણેના કોમ્પ્યુટર ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતા હોવા જોઈએ
- ઉમેદવાર ગુજરાતી, હિન્દી, અથવા અંગ્રેજી ત્રણે ભાષાઓનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈએ
- રાજ્ય સરકારના નિયમો મુજબ વયમર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર રહેશે
- એન.ઓ.સીની શરત મુજબ આ જગ્યા પાંચ વર્ષ માટે ફિક્સ પગારની રહેશે. પાંચ વર્ષ પૂર્ણ થયે કામગીરીની સમીક્ષા કર્યા બાદ મંજૂર થયેલ લઘુત્તમ પગાર ધોરણમાં નિમણૂક આપવામાં આવશે.
- પ્રથમ પાંચ વર્ષ દરમિયાન કોઈ ભથ્થા તેમજ તેના આનુસંગિક કે અન્ય લાભ મળવાપાત્ર રહેશે નહીં.
- હાલમાં નોકરી કરતા ઉમેદવારોએ પોતાના સંસ્થાના વડા મારફતે એન.ઓ.સી પ્રમાણપત્ર સાથે અરજી કરવાની રહેશે.
- નિમણુંક પામનાર ઉમેદવારને ઉપર દર્શાવ્યા મુજબ તા.૧૯/૦૯/૨૦૨૫ થી મળેલ એન.ઓ.સીની તમામ શરત બંધન કરતા રહેશે.
- અધુરી વિગત વાળી કે આધારો વગરની અરજીઓ તેમજ નિયત સમય મર્યાદા બાદ આવેલ અરજીઓ આપોઆપ રદ ગણાશે.
- સદર ભરતી પ્રક્રિયા અન્વયે રાજ્ય સરકારશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, સામાન્ય વહીવટ વિભાગ તથા નાણા વિભાગ તથા સરદાર પટેલ.યુનિ.ના ભરતીના નિયમો અને લાયકાતના ધોરણો મુજબ કરવામાં આવશે.
- ઉમેદવારે જે જગ્યા માટે અરજી કરેલ હોય તે જગ્યાનું નામ કવર ઉપર સ્પષ્ટ લખવાનું રહેશે.
- ઉપરોક્ત વેબસાઈટ દ્વારા ભરતી પ્રકિયા અંગેની અગામી માહિતી પૂરી પાડવામાં આવશે જેથી અવારનવાર ઉમેદવારોએ વેબસાઈટ જોતા રહેવું.
- ઉમેદવાર એકથી વધુ કેટેગરી વાળી જગ્યા પર અરજી કરે ત્યારે ઉમેદવારે લેખિત પરીક્ષામાં મેળવેલા ગુણ અરજી કરેલ બધીજ કેટેગરી માટે એક સરખા જ ગણવામાં આવશે.
- કોઈ ઉમેદવાર જયારે એક કરતા વધુ સવર્ગ (જગ્યા) માટે અરજી કરે છે ત્યારે તેને દરેક અરજી માટે અલગ-અલગ ફોર્મ ભરવાના રહેશે અને તેની ફી પણ અલગથી ચુકવવાની રહેશે.
- NOC માં દર્શાવેલ તમામ શરતો નિમણુક પામનાર ઉમેદવારને બંધનકર્તા રહેશે.
- અનામત કેટેગરીના તમામ ઉમેદવારોની જાતી અને અંગેનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતોવખત નિયત કરેલા નમૂના પ્રમાણે અરજી સાથે બીડવાનું રહેશે.

### (૩) હેડ ક્લાર્ક/સિનિયર ક્લાર્ક/ લેબ આસિસ્ટન્ટ/ગેસ મિકેનિક/પ્લાન્ટ કલેકટર માટેની અગત્યનીની સૂચનાઓ

**(૧) ખાસ નોંધ**

- અનામત વર્ગના ઉમેદવારો બિન-અનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિન-અનામત લાગુ પડશે.
- ઉમેદવાર સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૫/૦૨/૨૦૦૧ ના ઠરાવ ક્રમાંકઃ સી.આર.આર./૧૦૨૦૦/જીઓઆર/ગ-૨ ના ઠરાવની જોગવાઇ મુજબ દિવ્યાંગતાની ૪૦% કે તેથી વધુ દિવ્યાંગતાની ટકાવારી ધરાવતા હોવાનું સિવિલ સર્જનનું સર્ટીફીકેટ ધરાવતા હશે, તો જ દિવ્યાંગ ઉમેદવાર તરીકે ઉપલી વયમર્યાદા અને અનામતનો લાભ મળશે. શારીરિક અશક્તતા અંગે સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧-૧૨-૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંકઃ પરચ-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ-૨ અને ત્યારબાદ સરકારીશ્રીના વખતો વખતના સુધારા પરિપત્રથી નિયત થયેલા નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપરીન્ટેન્ડન્ટ/સિવિલ સર્જન/ મેડિકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે. તબીબી પ્રમાણપત્રને અધીન રહીને ઉપલી વય મર્યાદામાં ૧૦ વર્ષની છૂટછાટ મળશે. (મહત્તમ ૪૫ વર્ષની વયમર્યાદા)

- માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જલ વાયુ અને ભૂમિ(સ્થળ) ની આર્મી ફોર્સમાં ઓછામાં ઓછા ૬ (છ) માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખ કાર્ડ અને ડિસ્ચાર્જબુક ધરાવતા હોય તો ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ૩ (ત્રણ) વર્ષ સુધીની છૂટછાટ મળશે.
- ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા. ૦૩/૦૬/૨૦૨૪ ના ઠરાવ ક્રમાંક: પરચ/૧૫૨૦૨૪/CHE-33/ખ મુજબ નક્કી કરાયેલ બેન્ચમાર્ક ડીસેબીલીટી ધરાવતા ઉમેદવારોની જ પસંદગી કરવાની રહેશે. (A) B-(Blind) અંધ, LV – (Low Vision) ઓછી દ્રષ્ટિ.

**(૨) રાષ્ટ્રીયતા**

- ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઇએ અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતીના (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ –૭ ની જોગવાઇ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતો હોવો જોઇએ.

**(૩) વય મર્યાદા**

- ઉમર જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.
- ઉમેદવારની ઉંમર ૨૦ વર્ષથી ઓછી નહિ અને ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઈએ અને ગુજરાત સરકારની સેવામાં હોય તેવી વ્યક્તિઓની તરફેણમાં ઉપલી વયમર્યાદા વખતો વખત સુધાર્યા પ્રમાણેના ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતીના (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈ અનુસાર રહેશે. તેમજ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના નિયમ મુજબ રહેશે.

**વયમર્યાદામાં છૂટછાટ**

- સામાન્ય વર્ગની મહિલા ઉમેદવારો, અનામત વર્ગના પુરૂષ તથા મહિલા ઉમેદવારો તેમજ માજી સૈનિક, દિવ્યાંગ ઉમેદવારોને નીચે મુજબ નિયમોનુસાર છૂટછાટ મળવાપાત્ર છે. અનામત વર્ગના ઉમેદવારોનો બિન-અનામત જગ્યા માટે અરજી કરશે તો તેવા ઉમેદવારોને વયમર્યાદામાં છૂટછાટ મળશે નહિ.

| કેટેગરી | છૂટછાટ | મહત્તમ વયમર્યાદા |
|---|---|---|
| સામાન્ય કેટેગરીના મહિલા ઉમેદવારોને | ૫ વર્ષ | --- |
| અનામત કેટેગરીના પુરૂષ ઉમેદવારોને | ૫ વર્ષ | --- |
| આર્થિક રીતે નબળા વર્ગના પુરુષ ઉમેદવારોને | ૫ વર્ષ | મહત્તમ ઉપલી વયમર્યાદા મળવાપાત્ર સરકારીશ્રીના નિયમોનુસાર છૂટછાટ મળશે. |
| અનામત કેટેગરીના મહિલા ઉમેદવારોને (૫ + ૫ = ૧૦ વર્ષ) | ૧૦ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| સામાન્ય કેટેગરીના શારીરિક અશક્તતા ધરાવતા પુરુષ ઉમેદવારોને | ૧૦ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| સામાન્ય કેટેગરીના શારીરિક અશક્તતા ધરાવતા મહિલા ઉમેદવારોને (૫ + ૧૦ = ૧૫ વર્ષ) | ૧૫ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| અનામત કેટેગરીના શારીરિક અશક્તતા ધરાવતા મહિલા ઉમેદવારોને (૫ + ૧૦ + ૫ = ૨૦ વર્ષ) | ૨૦ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| માજી સૈનિક ઉમેદવારો | | ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજના સમયગાળા ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છૂટછાટ મળશે. |

### (૪) કોમ્પ્યુટરની જાણકારી

- ઉમેદવાર રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૩/૦૮/૨૦૦૮ તેમજ તા. ૧૫/૦૩/૨૦૧૬ ના સરકારી ઠરાવ નંબર સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫- થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈ પણ તાલીમ સંસ્થાના પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈએ અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈ પણ ડીપ્લોમાં/ડિગ્રી કે સર્ટીફીકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડિગ્રી કે ડીપ્લોમાં અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પાસ કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. તેમજ આ તબક્કે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ આવા ઉમેદવારોએ નિમણૂંક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યુટરની બેઝીક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણૂંક મેળવતા પહેલા અચૂક રજૂ કરવાનું રહેશે અથવા નિમણૂંક મેળવવાને પાત્ર થશે નહિ. તેમજ નિમણૂંક સત્તા અધિકારી આવા કિસ્સામાં ઉમેદવારની પસંદગી રદ કરશે.

### (૫) શૈક્ષણિક લાયકાત

<table>
<tr><th>ક્રમ</th><th>જગ્યાનું નામ</th><th>કુલ ખાલી જગ્યા</th><th>કેટેગરી</th><th colspan="2">લાયકાત</th></tr>
<tr><td>૧</td><td>હેડ ક્લાર્ક</td><td>૧</td><td>OPEN</td><td rowspan="3">રાજ્ય સરકારશ્રીની માન્ય યુનિ. માંથી સ્નાતક પાસ કરેલ હોવા જોઈએ અને કોમ્પુટરનું જ્ઞાન આવશ્યક છે.</td><td rowspan="5">રાજ્ય સરકારશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, સામાન્ય વહીવટ વિભાગ તથા નાણા વિભાગ તથા સરદાર પટેલ.યુનિ. ના ભરતીના નિયમો અને લાયકાતના ધોરણો મુજબ ભરવાની થશે.</td></tr>
<tr><td>૨</td><td>સિનિયર ક્લાર્ક</td><td>૧</td><td>OPEN</td></tr>
<tr><td>૩</td><td>લેબ આસિસ્ટન્ટ</td><td>(ફિઝીક્સ-૧,કેમેસ્ટ્રી-૧)</td><td>OPEN</td></tr>
<tr><td>૪</td><td>ગેસ મિકેનિક</td><td>૧</td><td>OPEN</td><td>I.T.I Michenic Course OR Diploma in Mechanical Engineering</td></tr>
<tr><td>૫</td><td>પ્લાન્ટ કલેકટર</td><td>૧</td><td>OPEN</td><td>Std- X Pass અને ગાર્ડનરનો અનુભવ</td></tr>
</table>

- **હેડ ક્લાર્ક / સીનીયર ક્લાર્ક શૈક્ષણિક લાયકાત**

- ઉમેદવાર ભારતમાં કેન્દ્રિય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થાપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે પૈકી માન્ય થયેલી અન્ય કોઈ પણ શૈક્ષણિક સંસ્થામાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અધિનિયમ – ૧૯૫૬ ની કલમ – ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈ પણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ સ્નાતકની પદવી ધરાવતા હોવા જોઈએ અથવા સરકારે માન્ય કરેલ તેની સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈએ.
- ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતીના (સામાન્ય) નિયમો,૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણેના કમ્પ્યુટર ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવા જોઈએ.
- ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બન્ને ભાષાઓનું પૂરતું જ્ઞાન ધરાવતા હોવા જોઈશે.

(૬) પરીક્ષા પદ્ધતિ

- સંચાલક મંડળ દ્વારા નિયત સમય મર્યાદામાં રજીસ્ટર પોસ્ટ એડી./સ્પીડ પોસ્ટ દ્વારા મળેલ અરજીઓની પ્રાથમિક ચકાસણી કરીને લાયક ઉમેદવારની રાજ્ય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના (૧)તા.૧૮/૦૫/૨૦૨૩ના જાહેરનામાં ક્રમાંક GS/૨૦૨૩/૧૫/૦૧૨૫/ K મુજબ પરીક્ષા લેવામાં આવશે.
- રાજ્ય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૮/૧૧/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: ભરત/૧૦૨૦૨૩/૬૩૮૯૩૭/ક થી મંજુર કરવામાં આવેલ પરીક્ષા પદ્ધતિના નિયમો અનુસાર સંવર્ગ-૩ના તાંત્રિક તથા બિન તાંત્રિક સંવર્ગોના (ખાસ વિષય) (Subject specific) શૈક્ષણિક લાયકાત તરીકે જરૂરી હોય તેવા) જગ્યાઓની સીધી ભરતીથી ભરવા માટે જે સંવર્ગોના ભરતી નિયમો સાથે પરીક્ષા નિયમો નક્કી થયા નથી તેવા તમામ સંવર્ગોની પરીક્ષા પધ્ધતિ મુજબ ભરવાની રહેશે.

**(૭) ભાગ - ૧ પ્રાથમિક પરીક્ષા માટેની પધ્ધતિ સમય (૬૦ મિનીટ) (હેડ ક્લાર્ક / સીનીયર ક્લાર્ક) (ગ્રુપ –A તથા ગ્રુપ-B સંયુક્ત પરીક્ષા)**

| | | |
|---|---|---|
| ૧ | તાર્કિક ક્ષમતા | ૪૦ ગુણ |
| ૨ | પરિમાણાત્મક અભિરુચિ (Quantities Aptitude) | ૩૦ ગુણ |
| ૩ | અંગ્રેજી | ૧૫ ગુણ |
| ૪ | ગુજરાતી | ૧૫ ગુણ |
| | કુલ | ૧૦૦ ગુણ |

- હેતુલક્ષી (વૈકલ્પિક) પ્રકારની લેખિત કસોટીમાં, બહુવિકલ્પ પસંદગી પ્રશ્નો (MCQ)નો સમાવેશ થશે.
- દરેક પ્રશ્ન ૧ (એક) ગુણનો રહેશે.
- ઉમેદવારે તમામ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.
- ખોટા જવાબ સામે (પ્રશ્ન) જવાબ આપવાનો પ્રયાસ કરેલ હોય તેવા દરેક પ્રશ્નનો.૦.૨૫ નકારાત્મક ગુણ રહેશે.
- દરેક પ્રશ્નમાં પ્રયાસ નહિ કરેલ (NON ATTEMPTED)નો એક વિકલ્પ રહેશે.ઉમેદવાર જવાબ આપવા માંગતો ના હોય તો તે આ વિકલ્પ પસંદ કરી શકશે.ઉમેદવાર આ વિકલ્પ પસંદ કરે તો નકારાત્મક ગુણ આપવામાં આવશે નહિ.
- અશક્ત (દિવ્યાંગ) વર્ગ સાથે સંબંધિત હોય તેવા ઉમેદવારોને લાગુ પાડી શકાય તેમ પ્રશ્નપત્રના દરેક કલાક માટે કલાક દીઠ ૨૦ મિનીટનો વધારાનો સમય આપી શકાશે.
- ઉમેદવારે પ્રશ્નમાં આપેલા વિકલ્પો પૈકીનો કોઈપણ એક વિકલ્પ પસંદ કર્યો ન હોય, તો તેના ૦.૨૫ નકારાત્મક ગુણ રહેશે.
- પ્રાથમિક કસોટી ફક્ત સ્ક્રીનીંગ ટેસ્ટ માટે છે. પ્રાથમિક કસોટીમાં ઉમેદવારે મેળવેલ ગુણને આખરી પસંદગી યાદી માટે ધ્યાને લેવામાં આવશે નહિ.
- પ્રાથમિક પરીક્ષાના અંતે મુખ્ય પરીક્ષા માટે લાયકાત ઠરેલ ઉમેદવારોની યાદી તૈયાર કરવામાં આવશે અને મેરીટના આધારે સાત ગણા ઉમેદવારોને બીજા તબક્કાની મુખ્ય પરીક્ષા માટે લાયક ગણવામાં આવશે.

- મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરેલ ઉમેદવારો આ જાહેરાત અન્વયેની શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા તેમજ અન્ય જરૂરી લાયકાત સંતોષે છે તેમ માનીને મુખ્ય પરીક્ષા માટે શરતી પ્રવેશ આપવામાં આવશે.

**(૮) તબક્કો - મુખ્ય પરીક્ષા - હેડ ક્લાર્ક / સીનીયર ક્લાર્ક**

- પ્રથમ તબક્કાની પરીક્ષા બાદ સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૮/૦૫/૨૦૨૩ ના જાહેરનામાં મુજબ ગ્રુપ – A માટે વર્ણાત્મક જ્યારે ગ્રુપ – B માટે પ્રકારના MCQ પ્રશ્ન ધરાવતી પદ્ધતિથી સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે. મુખ્ય પરીક્ષા અંગેની વિગતો આ સાથે સામેલ APPENDIX –G મુજબ તથા પરીક્ષાનો અભ્યાસક્રમ APPENDIX–H મુજબ રહેશે.

| પ્રશ્નપત્ર ક્રમાંક | વિષય | ગુણ | સમય |
|---|---|---|---|
| ૧ | ગુજરાતી ભાષા કૌશલ | ૧૦૦ | ૩ કલાક |
| ૨ | અંગ્રેજી ભાષા કૌશલ | ૧૦૦ | ૩ કલાક |
| ૩ | સામાન્ય અભ્યાસ | ૧૫૦ | ૩ કલાક |
| | કુલ ગુણ | ૩૫૦ | |

**નોંધ:**

- ગુજરાતી પ્રશ્નપત્રનું ધોરણ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના બારમાં ધોરણના ગુજરાતી વિષયો (ઉચ્ચતર કક્ષા) ને સમક્ષ રહેશે.
- અંગ્રેજી પ્રશ્નપત્રનું ધોરણ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના બારમાં ધોરણના અંગ્રેજી વિષયો (ઉચ્ચતર કક્ષા) ને સમક્ષ રહેશે.
- સામાન્ય અભ્યાસના પ્રશ્નપત્રો માટેના અભ્યાસક્રમની વિષય-સૂચી, પરિશિષ્ટ-ઝ માં નિર્દેશ કર્યા પ્રમાણેની રહેશે.
- દરેક પ્રશ્નપત્ર માટેનો વિગતવાર અભ્યાસક્રમ, મંડળ અથવા સરકાર ઠરાવે અને જાહેર કરે તે પ્રમાણે રહેશે.
- મુખ્ય પરીક્ષા માટેના પ્રશ્નપત્રો વર્ણનાત્મક પ્રકારના રહેશે.
- અશક્ત (દિવ્યાંગ) વર્ગના હોય તેવા ઉમેદવારોને, પ્રશ્નપત્રના દરેક કલાક માટે કલાક દીઠ વીસ મીનીટનો લાગુ પડતો હોય તેટલો વધારાનો સમય આપી શકાશે.

પરિશિષ્ટ - ઝ

**મુખ્ય પરીક્ષાનો અભ્યાસક્રમ (ગ્રુપ-એ માટે વર્ણનાત્મક પરીક્ષા)**

| પ્રશ્નપત્ર ૧ | ગુજરાતી (મુખ્ય પરીક્ષા) | (વર્ણનાત્મક) |
|---|---|---|
| ગુણ-૧૦૦ | માધ્યમ-ગુજરાતી | સમય-૩ કલાક |

| અનુક્રમાંક | અભ્યાસક્રમની વિગત | ફાળવેલ ગુણ |
|---|---|---|
| ૧. | નિબંધ : ત્રણ પૈકી કોઈપણ એક (આશરે ૨૫૦ થી ૩૦૦ શબ્દોમાં)<br>(વર્ણનાત્મક/વિશ્લેષણાત્મક/ચિંતનાત્મક/સાંપ્રત સમસ્યા પર આધારિત) | ૧૫ |
| ૨. | વિચાર-વિસ્તાર (બે પૈકી કોઈપણ એક): કાવ્યપંક્તિઓ કે ગદ્યસૂક્તિનો વિચાર-વિસ્તાર (આશરે ૧૦૦ શબ્દોમાં) | ૧૦ |
| ૩. | સંક્ષેપીકરણ : આપેલા ગદ્યખંડમાંથી આશરે ૧/૩ ભાગમાં તમારા શબ્દોનો સંક્ષેપ. | ૧૦ |
| ૪. | ગદ્યસમીક્ષા : આપેલા ગદ્યખંડના આધારે પૂછેલા પ્રશ્નોના જવાબ લખો. | ૧૦ |
| ૫. | પ્રચાર માધ્યમો માટે નિવેદનો તૈયાર કરવા (આશરે ૧૫૦ શબ્દોમાં). | ૧૦ |
| ૬. | પત્રલેખન (અભિનંદન/શુભેચ્છા/વિનંતી/ફરિયાદ વગેરે) (આશરે ૧૦૦ શબ્દોમાં). | ૫ |
| ૭. | ચર્ચાપત્ર (આશરે ૨૦૦ શબ્દોમાં) (વર્તમાનપત્રમાં પ્રજાના પ્રશ્નો/સાંપ્રત સમસ્યાઓ/વ્યક્તિગત અભિપ્રાય રજૂ કરતું ચર્ચાપત્ર). | ૧૦ |
| ૮. | અહેવાલલેખન (આશરે ૨૦૦ શબ્દોમાં) | ૧૦ |
| ૯. | ભાષાંતર : અંગ્રેજીમાંથી ગુજરાતીમાં અનુવાદ. | ૧૦ |
| ૧૦. | ગુજરાતી વ્યાકરણ<br>સૂચવ્યા મુજબ જવાબ લખો (આ પ્રશ્નોમાં આંતરિક વિકલ્પો રહેશે નહિ.):<br>૧) રૂઢિપ્રયોગોના અર્થ અને તેનો વાક્યપ્રયોગ<br>૨) કહેવતોનો અર્થ<br>૩) સમાસનો વિગ્રહ કરી તેની ઓળખ<br>૪) છંદ ઓળખાવો<br>૫) અલંકાર ઓળખાવો<br>૬) શબ્દસમૂહ માટે એક શબ્દ<br>૭) જોડણી શુદ્ધિ<br>૮) લેખન શુદ્ધિ/ભાષા શુદ્ધિ<br>૯) સંધિ – જોડો કે છોડો<br>૧૦) વાક્ય રચનાના અંગો/વાક્યના પ્રકાર/વાક્ય પરિવર્તન | ૧૦ |
| | કુલ | ૧૦૦ |

**Paper- II** | **ENGLISH (MAIN EXAMINATION)** | **(Descriptive)**
Marks-100 | **Medium-English** | Time- 3 Hours

| No. | Type of Question | Marks to be allotted |
|---|---|---|
| 1 | ESSAY (A minimum of 250 words and a maximum of 300 words): Choose any one topic from a list of five.<br>(Descriptive analytical/philosophical/based on Current Affairs) | 15 |
| 2 | LETTER WRITING (In about 150 words)<br>A formal letter expressing one's opinion about an issue. The Issues can deal with dally office matters/ a problem that has occurred In the office/ an opinion in response to one sought by a ranked officer/issues pertaining to recent concern, etc. | 10 |
| 3 | REPORT WRITING (in about 200 words)<br>A report on an official function/event/field trip/survey etc | 10 |
| 4 | WRITING ON VISUAL INFORMATION (In about150 words): A report on a 10 graph/Image/flow chart/table of comparison/simple statistical data etc. | 10 |
| 5 | FORMAL SPEECH (in about 150 words) A speech (In a formal style) that is to be read out in a formal function. This could be an Inauguration speech, an educational seminar/conference, a formal ceremony of Importance etc. | 5 |
| 6 | PRECIS WRITING<br>A precis in about 100 words for a 300-word passage. | 10 x 2 = 20 |
| 7 | READING COMPREHENSION: A-reading passage of about 250 words to be given followed by short-answer type questions | 10 |
| 8 | ENGLISH GRAMMAR<br>a. Tenses<br>b. Voice<br>c. Narration (Direct-Indirect)<br>d Transformation of sentences<br>e. Use of Articles and Determiners<br>f. Use of Prepositions<br>g. Use of Phrasal verbs<br>h. Use of Idiomatic expressions<br>1. Administrative Glossary<br>J. Synonyms/Antonyms<br>k. One-word substitution<br>l. Cohesive devices/Connectives/Linkers<br>m. Affixes<br>n. Words that cause confusion like homonyms/homophones. | 10 |
| 9 | TRANSLATION:<br>Translation of a Short Passage (of about 150 words) from Gujarati or English | 10 |
|  | **Total** | **100** |

| પ્રશ્નપત્ર ૩ | સામાન્ય અભ્યાસ (મુખ્ય પરીક્ષા) | (વર્ણનાત્મક) |
|---|---|---|
| ગુણ: ૧૫૦ | માધ્યમ- ગુજરાતી | સમય-૩ કલાક |

(ક) ભારતનો ઈતિહાસ

૧. સિંધુ ખીણની સભ્યતા: લાક્ષણિકતાઓ, સ્થળો, સમાજ, સાંસ્કૃતિક ઈતિહાસ, કળા અને ધર્મ, સિંધુ ખીણની સભ્યતા અને ગુજરાતનો વૈદિક યુગ- જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ, નંદ વંશ.

૨. મૌર્ય અને ગુપ્ત સામ્રાજ્ય.

૩. વિજયનગર વંશ અને દક્ષિણ ભારતના મહત્વના વંશો.

૪. ગુજરાતના મુખ્ય રાજવંશો- તેમના વહીવટી તંત્ર, કળા, સ્થાપત્ય, સાહિત્ય, વિજ્ઞાન અને ટેક્નોલોજી.

૫. શૈક્ષણિક સંસ્થાઓ: તક્ષશિલા, નાલંદા અને વલભી.

૬. ભારતમાં યુરોપિયનોનું આગમન, ભારતમાં બ્રિટિશ સામ્રાજ્યનું સ્થાપન અને વિસ્તરણ સન ૧૭૫૭થી સન ૧૮૫૬, જમીન મહેસૂલ પદ્ધતિ, કાયમી જમાબંધી, રૈયતવારી અને મહાલવારી, શિક્ષણ પદ્ધતિ.

૭. ભારતનો ૧૮૫૭નો સ્વાતંત્ર્ય સંગ્રામ: ૧૯મી સદીમાં ભારત અને ગુજરાતમાં ધાર્મિક અને સામાજિક સુધારા આંદોલનો, ભારતમાં રાષ્ટ્રવાદના ઉદય માટે જવાબદાર પરિબળો, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ.

૮. રાષ્ટ્રીય ફલક પર મહાત્મા ગાંધીનો ઉદય અને તેમના વિચાર, સિદ્ધાંતો અને જીવન-દર્શનનો ભારતના રાજકીય, સામાજિક, આર્થિક, ધાર્મિક અને સાંસ્કૃતિક જીવન પર પ્રભાવ.

૯. સ્વતંત્રતા ચળવળ અને સ્વાતંત્ર્યોત્તર એકીકરણમાં સરદાર પટેલની ભૂમિકા.

૧૦. ભારત અને વિદેશમાં ભારતીય ક્રાંતિકારીઓ, આઝાદ હિંદ ફોજ અને સુભાષચંદ્ર બોઝ.

૧૧. આઝાદી પછીનું ભારત: દેશમાં રાજ્યોનું પુનર્ગઠન, મહાગુજરાત ચળવળ, મહત્વની ઘટનાઓ.

(ખ) સાંસ્કૃતિક વારસો

૧. પ્રાચીનથી કાળગ્રસ્ત સમય સુધીની ભારતીય સંસ્કૃતિની મુખ્ય લાક્ષણિકતાઓ અને તેના કલાસ્વરૂપો, સાહિત્ય, શિલ્પ અને સ્થાપત્ય: ભારતીય સમાજની મુખ્ય લાક્ષણિકતાઓ

૨. ભારતીય સિનેમા અને રંગભૂમિ તથા સમાજ પર તેનો પ્રભાવ.

૩. ગુજરાતની કળા અને હસ્તકલા.

૪. ગુજરાતી રંગભૂમિ.

૫. ગુજરાતની લોક સંસ્કૃતિ અને મૌખિક પરંપરા: તેનું મહત્વ, વિશેષતાઓ અને અસરો.

૬. ગુજરાતની તટવર્તી સંસ્કૃતિ અને આદિજાતી સંસ્કૃતિ.

(ગ) ભૂગોળ

૧. ગુજરાત અને ભારતના ભૌતિક લક્ષણો અને સંશાધનોનો અભ્યાસ: મુખ્ય ભૂમિ સ્વરૂપો, આબોહવા, જમીન, ખડકો, નદીઓ, જળાશયો, વનસ્પતિ સૃષ્ટિ, ખનીજો અને જળ સંશાધનો.

૨. આર્થિક ઈતિહાસ: પ્રાથમિક, ત્રીજો તબક્કો, ચોથો તબક્કો

૩. સામાજિક અને વસ્તી વિષયક ભૂગોળ.

૪. વિકાસ સંબંધિત અને પર્યાવરણલક્ષી મુદ્દાઓ, સાતત્યપૂર્ણ વિકાસ, વૈશ્વિકરણ: તેના સામાજિક અને આર્થિક પ્રભાવો, સ્માર્ટ સિટી અને ઉકેલો. કુદરતી આપત્તિ, કાર્બન ઉત્સર્જન, પ્રદૂષણ આપત્તિ વ્યવસ્થાપન. ક્લાઈમેટ ચેન્જ અને પર્યાવરણલક્ષી અધોગતિની સમસ્યા સામે વૈશ્વિક પ્રતિક્રિયા. મહત્વપૂર્ણ સંધી અને કરાર.

(ય) વિજ્ઞાન અને ટેકનોલોજી

1. એકીકૃત વિજ્ઞાન, વધુ સારા માનવ જીવન માટે ટેકનોલોજી અને નવીનીકરણ, રોજબરોજના જીવનમાં વિજ્ઞાન અને ટેકનોલોજી; વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં ભારતનું યોગદાન, વિજ્ઞાન અને ટેકનોલોજીના અમલીકરણ અને ફેલાવા આડે આવતા પડકારો અને અવરોધો, રાષ્ટ્રનિર્માણમાં વિજ્ઞાન અને ટેકનોલોજીની ભૂમિકા અને તક.
2. ઈન્ફર્મેશન અને કોમ્યુનિકેશન ટેકનોલોજી (આઈસીટી): તેનું મહત્વ, ફાયદા અને પડકારો, ઈ-ગવર્નન્સ અને ભારત સંબંધિત નીતિઓ, સાઈબરક્રાઈમ અને સાઈબર સિક્યોરિટી.
3. ભારતનો સ્પેસ પ્રોગ્રામ-ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય. ભારતની ઉર્જા નીતિ અને પરમાણુ નીતિ. સૈન્ય સેવાઓમાં ટેકનોલોજીનું મહત્વ, ફાયદા અને પડકારો.
4. વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં ભારતીયોની સિદ્ધી. વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં બૌદ્ધિક મિલકતના અધિકાર સંબંધિત બાબતો.

(ચ) મહત્વની પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ઘટનાઓ.

(છ) ભારતીય રાજ્ય વ્યવસ્થા અને સંવિધાન.

1. ભારતનું સંવિધાન અને તેની મુખ્ય લાક્ષણિકતા.
2. ભારતની કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોના કાર્યો અને ફરજો.
3. સમવાયતંત્રને લગતી બાબતો અને પડકારો-રાજ્યોમાં રાજ્યપાલની ભૂમિકા.
4. કેન્દ્ર અને રાજ્ય સરકારો (સંઘ યાદી, રાજ્ય યાદી અને સમવર્તી યાદી) વચ્ચે સત્તાની વહેંચણી, મુદ્દા અને પડકારો.
5. મહત્વના સંવૈધાનિક સુધારા.
6. બંધારણીય સંસ્થાઓ અને તેમની ભૂમિકા.
7. સંસદ અને રાજ્ય વિધાન મંડળ-માળખું, કાર્યો, પ્રસાશન, સત્તા અને ખાસ હકૂમતો અને સંબંધિત બાબતો.
8. ભારતમાં ન્યાયતંત્ર-માળખું અને કાર્યો, કટોકટીને લગતી અગત્યની જોગવાઈઓ અને સંવૈધાનિક સુધારાઓ, અદાલતી સમીક્ષા, જાહેર અરજી.

(જ) જાહેર વહીવટ અને શાસન.

1. જાહેર વહીવટનો અર્થ, પ્રકાર અને તક. ભારતમાં ઉત્ક્રાંતિ, બ્રિટિશ શાસનનો વારસો.
2. લોકશાહીમાં મુલકી સેવાની ભૂમિકા.
3. સરકારી નીતિઓ અને મધ્યસ્થી, જુદાજુદા ક્ષેત્રોના વિકાસને સંબંધિત અમલીકરણના મુદ્દા અને સમસ્યાઓ.
4. વિકાસ પ્રક્રિયા-નાગરીક સમાજની ભૂમિકા, બિન-સરકારી સંગઠનો અને અન્ય હિતધારકો, સ્ટેચ્યુટરી (કાનૂની), નિયમનકારી અને જુદાજુદા અર્ધ-અદાલતી મંડળો.
5. સારું શાસન અને ઈ-ગવર્નન્સ-શાસનમાં પારદર્શિતા, ઉત્તરદાયિત્વ અને સંવેદનશીલતા, અધિકાર-પત્ર, માહિતીનો અધિકાર, જાહેર સેવા અધિનિયમ અને આ સરવે, સામાજિક સંશોધનના સુચિતાર્થો તથા તેનું મહત્વ.
6. અધિકારને લગતી બાબતો (માનવ અધિકાર, મહિલા અધિકાર, અનુસુચિત જાતિ અને અનુસુચિત આદિજાતિઓના અધિકારો, બાળકોના અધિકારો) વગેરે.
7. અગત્યની આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ, એજન્સીઓ, જુદાજુદા સંગઠનો અને તેના માળખાં.

(ઝ) જાહેર સેવામાં શિસ્ત.

1. નીતિશાસ્ત્ર અને માનવ સંવાદ: સાર, નિર્ધારકો અને સુચિતાર્થ/ માનવ વ્યવહારો પર અસરો, પરિણામો: નીતિશાસ્ત્રના પરિમાણો, વ્યક્તિગત અને જાહેર સંબંધોમાં નીતિશાસ્ત્ર, જાહેર સેવાઓમાં નીતિશાસ્ત્ર, સત્યનિષ્ઠા અને ઉત્તરદાયિત્વ- માહિતી અધિકાર અધિનિયમ, જાહેર સેવાઓ અધિનિયમ અને તેના સુચિતાર્થ.
2. વલણ, મૂળ તત્વો, કાર્યો: વિચારો અને વ્યવહાર પર તેની અસરો/ વ્યવહાર અને સંબંધો, ચારિત્ર્ય અને રાજનૈતિક વલણો; સામાજિક પ્રભાવ અને સમજાવટ/ઉત્તેજનની ભૂમિકા.

૩. ભાવનાત્મક બુદ્ધિમતા: વિભાવના, વહીવટ અને શાસનમાં તેની ઉપયોગિતા અને અમલ.

૪. માનવ મૂલ્યો: નાગરીકોને મૂલ્યોનું શિક્ષણ આપવામાં પરિવાર, સમાજ અને શૈક્ષણિક મુદ્દાઓની ભૂમિકા.

૫. નીતિશાસ્ત્ર સંબંધિત બાબતો અને પડકારો- ભ્રષ્ટાચાર વિરોધી તંત્ર, લોકપાલ, લોકાયુક્ત.

૬. ઉપરોક્ત ક્રમાંકો (૧-૫)ને લગતી બાબતોનો કેસ સ્ટડી.

(ટ) ભારતીય અર્થતંત્ર અને આયોજન

૧. ભારતીય અર્થતંત્ર: ભારતમાં આયોજન કામગીરીનો ઉદભવ અને વિકાસ. કેન્દ્ર અને રાજ્ય સરકારોની આર્થિક કામગીરી, કેન્દ્ર અને રાજ્ય સરકારનો આર્થિક દેખાવ, ગતિશીલતા, પડકારો, નવી પહેલો, સુધારા વગેરે. અગત્યની ઘટનાઓ, પ્રગતિ અને સામાજિક ક્ષેત્રની પહેલ. નીતિ આયોગ, હેતુઓ, રચના અને કાર્યો. સામાજિક ઓડિટ, કૃષિ, ઉદ્યોગ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્ર અને સેવા ક્ષેત્ર.

૨. ફાઈનાન્સ અને બેન્કિંગ માટે નિયમનકારી માળખું: વિભાવના, માળખું અને ભૂમિકા. નાણાકીય નીતિ અને રાજકોષીય નીતિ.

૩. ભારતીય જાહેર નાણા વ્યવસ્થા: ભારતીય વેરા પદ્ધતિ, જાહેર ખર્ચ, જાહેર દેવું, ભારતીય અર્થતંત્રમાં ખાદ્ય અને સહાય, કેન્દ્ર અને રાજ્યના રાજકોષીય સંબંધો. અર્થતંત્રના જુદા-જુદા સૂચકાંકો, જાહેર વહીવટમાં સંકળાયેલી ભારતની મહત્વપૂર્ણ સંસ્થાઓ.

૪. ગ્રામ્ય વિકાસ અને ગ્રામ્ય અર્થતંત્ર: પડકારો અને નીતિઓ. ભારતમાં રોજગાર નીતિ/યોજનાઓ.

૫. બાહ્ય ક્ષેત્ર: વિદેશી વ્યાપારના વલણો, માળખું અને દિશા. બાહ્ય ક્ષેત્રમાં સુધારા. વિદેશી સંસ્થાગત રોકાણકારો (એફઆઈઆઈ) અને વિદેશી સીધું રોકાણ (એફડીઆઈ).

૬. ગુજરાતનું અર્થતંત્ર: એક અવલોકન; ભારત અને અન્ય રાજ્યોની સરખામણીએ ગુજરાતના અર્થતંત્ર, આર્થિક અને સામાજિક માળખાની વિકાસ નીતિ; ગુજરાતમાં સહકારી ચળવળ અને જીવનના સામાજિક-આર્થિક પાસાં પર તેનો પ્રભાવ.

૭. માળખું: ઉર્જા, બંદરો, માર્ગ, એરપોર્ટ, રેલવે, ટેલીકોમ્યુનિકેશન, સામાજિક પ્રભાવ મૂલ્યાંકન.

(૯) લેબ આસિસ્ટન્ટ (સાયન્સ વિષયો) તથા ગેસ મિકેનિક

- રાજ્ય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: ભરત/૧૦૨૦૨૩/૬૩૮૯૩૭/ક થી સીધી ભરતીથી જગ્યાઓ ભરવા માટે ઠરાવેલ પરીક્ષા પદ્ધતિના નિયમો અનુસાર સંવર્ગ-૩ના તાંત્રિક તથા બિન તાંત્રિક સંવર્ગોની (ખાસ વિષયો (Subject Specific) શૈક્ષણિક લાયકાત તરીકે જરૂરી હોય તેવા) જગ્યાઓની સીધી ભરતીથી ભરવા માટે જે સંવર્ગોના ભરતી નિયમો સાથે પરીક્ષા નિયમો નક્કી થયા નથી તેવા તમામ સંવર્ગોની પરીક્ષા પદ્ધતિ મુજબ ભરવાની રહેશે.
- પરીક્ષા પધ્ધતિ અનુસાર પરીક્ષા એક તબક્કામાં MCQ પધ્ધતિથી સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા લેવામાં આવશે.આ જગ્યા માટે અરજી કરનાર ઉમેદવારોની સંખ્યાના આધારે એક સેશન અથવા મલ્ટી સેશનમાં લેવામાં આવશે. મલ્ટી સેશન યોજવાના સંજોગોમાં યોગ્ય સ્કેલીગ પધ્ધતિથી મૂલ્યાંકન કરવામાં આવશે. પરીક્ષા ભાગ – ૧ અને ભાગ – ૨ એમ બે ભાગમાં લેવામાં આવશે ( પ્રશ્નપત્રનું લેવલ શૈક્ષણિક લાયકાતને સમકક્ષ રહેશે).

➢ **લેબ આસિસ્ટન્ટ માટેની શૈક્ષણિક લાયકાત**

| | |
|---|---|
| લેબ આસિસ્ટન્ટ (કેમેસ્ટ્રી) | ઉમેદવાર ભારતમાં કેન્દ્રિય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થાપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે પૈકી માન્ય થયેલી અન્ય કોઈ પણ શૈક્ષણિક સંસ્થામાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અધિનિયમ - ૧૯૫૬ની કલમ - ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈ પણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ કેમેસ્ટ્રી વિષયની સ્નાતકની પદવી અથવા સરકારશ્રી દ્વારા માન્ય સમકક્ષ લાયકાત ધરાવતા હોવો જોઈએ. |
| લેબ આસિસ્ટન્ટ (ભૌતિકશાસ્ત્ર) | ઉમેદવાર ભારતમાં કેન્દ્રિય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થાપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે પૈકી માન્ય થયેલી અન્ય કોઈ પણ શૈક્ષણિક સંસ્થામાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અધિનિયમ - ૧૯૫૬ની કલમ - ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈ પણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ ભૌતિકશાસ્ત્ર વિષયની સ્નાતકની પદવી અથવા સરકારશ્રી દ્વારા માન્ય સમકક્ષ લાયકાત ધરાવતા હોવો જોઈએ. |

➢ **ગેસ મિકેનિક માટેની શૈક્ષણિક લાયકાત**

- ઉમેદવાર ભારતના કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અન્ય કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી આઈટીઆઈ મિકેનિક્સ ટ્રેડ અથવા ડિપ્લોમા મિકેનિકલ એન્જિનિયરિંગની પદવી ધરાવતો હોવો જોઈએ.
- ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈએ.
- ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈએ.

**પરીક્ષા : ભાગ-૧ અને ભાગ-૨ એમ બે ભાગમાં લેવામાં આવશે પ્રશ્નપત્રનું લેવલ શૈક્ષણિક લાયકાતને સમકક્ષ રહેશે.**

**ભાગ-૧**

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | તાર્કિક કસોટીઓ તથા DATA INTERPRETATION | ૩૦ |
| ૨ | ગાણિતીક કસોટીઓ | ૩૦ |
| | કુલ ગુણ | ૬૦ |

**ભાગ-૨**

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | બંધારણ, વર્તમાન પ્રવાહો, અંગ્રેજી અને ગુજરાતી કોમ્પ્રીહેન્શન | ૩૦ |
| ૨ | સંબંધિત વિષય અને તેનો ઉપયોગીતા લગતા પ્રશ્નો | ૧૨૦ |
| | કુલ ગુણ | ૧૫૦ |

- **નોંધ: અભ્યાસક્રમની વિષયવસ્તુ નિયત કરેલ શૈક્ષણિક લાયકાત મુજબ રહેશે.**
- ભાગ-૧ માં કુલ ૬૦ પ્રશ્નો અને ભાગ-૨ માં કુલ ૧૫૦ પ્રશ્નો એમ કુલ ૨૧૦ પ્રશ્નો પુછવામાં આવશે ભાગ-૧ અને ભાગ-૨ બંને માટે સંયુક્ત રીતે કુલ ૩ (ત્રણ) કલાક (૧૮૦ મિનીટ) નો સમય મળવાપાત્ર રહેશે.
- ભાગ-૧ તથા ભાગ-૨ નું સ્વતંત્ર (અલાયદું) Qualifying Standard રહેશે. તથા બન્ને ભાગમાં આ ધોરણો મેળવતા ઉમેદવારોની ભાગ-૧ અને ભાગ-૨ માં મેળવેલા કુલ ગુણના આધારે મેરીટ યાદી તૈયાર કરવાની રહેશે.
- ઉમેદવારોને ભાગ-૧ અને ભાગ-૨ માં મેળવેલ કુલ ગુણના આધારે કુલ જગ્યાના આશરે બે ગણા ઉમેદવારોની અરજી ચકાસણી (Document Verification) ને પાત્ર થશે.
- ભાગ-૧ તથા ભાગ-૨ ના કુલ ૨૧૦ ગુણમાંથી ઉમેદવારે મેળવેલ ગુણના આધારે આખરી પસંદગી યાદી અને પ્રતીક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.
- જે તે સંવર્ગની જગ્યાઓ ભરવા માટે જાહેરાતમાં જે સંખ્યા દર્શાવવામાં આવેલ હોય તે સંખ્યાને ધ્યાનમાં લઈને સરકારશ્રીની વખતોવખતની સુચનાઓને અનુરૂપ મેરીટનું ધોરણ મંડળ નિયત કરી શકશે.
- MCQ પધ્ધતિમાં ખોટા જવાબ આપનાર અથવા પ્રશ્નોનો જવાબ ન આપેલ હોય તેવા સંજોગોમાં ૦.૨૫ માર્ક્સ ઓછા કરવાના રહેશે એટલે નેગેટિવ માર્કીંગ પધ્ધતિ અપનાવાની રહેશે. "જવાબ આપવા માંગતા નથી-નો પાંચમો વિકલ્પ રાખવાનો રહેશે. પરંતુ જે ઉમેદવારે આ વિકલ્પ પસંદ કરેલ હોય તે સંજોગોમાં નેગેટિવ માર્કીંગ ગણવાનું રહેશે નહી એટલે કે ૦.૨૫ માર્ક્સ ઓછા કરવાના રહેશે નહિ.
- પ્રતીક્ષા યાદી તૈયાર કરવા બાબતે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો લાગુ પડશે.
- જગ્યા ભરવા માટે જે સંખ્યાની જાહેરાત આપવામાં આવેલ હોય તે સંખ્યાને ધ્યાને લઈને તેમાં દર્શાવેલ બિન અનામત કેટેગરી માટે જાહેરાતમાં દર્શાવેલ સંખ્યાના આધારે પ્રતીક્ષાયાદી સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર તૈયાર કરવાની રહેશે.

**(૧૦) લઘુતમ લાયકી ધોરણ**

- પ્રારંભિક પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા માટે ઉમેદવારે આપેલ પરીક્ષામાં મેળવેલ ગુણનું ન્યુનતમ ગુણવત્તા ધોરણ ૪૦ % રાખવામાં આવેલ છે. ઉમેદવારે પ્રત્યેક તબક્કાની પરીક્ષામાં લઘુતમ લાયકી ગુણવત્તાનું ધોરણ ૪૦ % માર્ક્સ નિયત કરવામાં આવેલ છે. તેમાં કોઈ પણ કેટેગરીના ઉમેદવારો માટે ૪૦% માર્ક્સ કરતા ઓછું ન્યુનતમ ગુણવત્તા ધોરણ (Qualifying Standard) કોઈ પણ સંજોગોમાં નક્કી કરી શકાશે નહીં.

**(૧૧) પગાર ધોરણ**

- નાણા વિભાગના તા. ૧૬/૦૨/૨૦૧૬ ના તથા તા. ૨૯/૦૪/૨૦૧૦ અને તા. ૦૬/૧૦/૨૦૧૧, તા. ૨૦/૧૦/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક: ખરચ-૨૦૦૨-૫૭-૩-૧ તેમજ તા. ૨૦/૧૦/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક ખર્ચ-૨૦૦૨-૫૭-(પાર્ટ-૨)-ઝ, તથા છેલ્લા નાણાં વિભાગના તા. ૧૫/૧૦/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: ખરચ-૨૦૦૨-૫૭-(પાર્ટ-૪)-ઝ-૧ અન્વયે પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિમાસ માટે ફિક્સ પગારથી નિમણૂંક અપાશે. તેમજ ઉક્ત ઠરાવના અન્ય લાભો મળવાપાત્ર થશે. તદઉપરાંત સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૩/૧૦/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક સીઆરઆર-૧૧-૨૦૧૫-૩૧૨૯૧૧-ગ.૫ અને નાણાં વિભાગના તા. ૨૮/૦૩/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક ખરચ/૨૦૦૨-૫૭(પાર્ટ-૩)/ઝ-૧ તા. ૧૮/૦૧/૨૦૧૭ તથા ૧૮/૧૦/૨૦૨૩ માં દર્શાવેલી બોલીઓ અને શરતોને આધીન નિમાયેલ ઉમેદવાર પાંચ વર્ષના અંતે તેની સેવાઓ સંતોષકારક જણાયેલી સંબંધિત કચેરીમાં જે તે સમયના સરકારશ્રીના નિયમોનુસાર મળવાપાત્ર પગાર ધોરણમાં નિયમિત નિમણૂંક મેળવવાને પાત્ર થશે.

**(૧૨) સામાન્ય સૂચનાઓ**

1) ઉમેદવારે અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવા પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજુ કરવાના રહેશે. અન્યથા અરજી પત્રક જે તે તબક્કે "રદ" ગણવામાં આવશે.
2) ઉમેદવારે અરજી પત્રકમાં જે ફોટો રજુ કરે છે તેની પાસપોર્ટ સાઇઝના ફોટાની એક કરતા વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને આ જાહેરાત સંવર્ગની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તે જ ફોટાની કોપીનો ઉપયોગ કરવાનો રહેશે. (જેમ કે પરીક્ષા સમયે હાજરી પત્રકમાં લગાવવો તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટોની કોપી રજુ કરવાની રહેશે)
3) ઉમેદવારે અરજી પત્રકમાં ભરતી વખતે જે મોબાઇલ નંબર દર્શાવે છે તે નંબર ચાલુ રાખવો. અરજી પત્રકમાં દર્શાવેલ મોબાઇલ નંબર ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી જાળવી રાખવો આપના હિતમાં છે.
4) ભરતી સંબંધિત તમામ સૂચનાઓ કોલેજની વેબસાઇટ ઉપર મૂકવામાં આવશે. કોલેજની વેબસાઇટ અચૂકથી જોતા રહેવું.
5) ઉમેદવારે અરજી પત્રકમાં બતાવેલી કોઇ પણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતી, અનુભવ વગેરેને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબક્કે ચકાસણી દરમિયાન ખોટા માલુમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી મંડળ "રદ" કરી શકાશે. તેમજ અન્ય સંવર્ગોની ભરતી માટે પણ ગેરલાયક ઠરાવવામાં આવશે. તેમજ જો પસંદગી/નિમણૂંક થયેલ હશે તો પસંદગી/નિમણૂંક મંડળ/નિમણૂંક કરનાર સત્તાધિકારી દ્વારા કોઈ પણ તબક્કે "રદ" કરવામાં આવશે.
6) સંચાલક મંડળ દ્વારા લેવાનાર સ્પર્ધાત્મક પ્રાથમિક પરીક્ષા કે મુખ્ય પરીક્ષામાં ઉત્તીર્ણ થવાથી ઉમેદવારને નિમણૂંક માટેનો હકક મળી જતો નથી. નિમણૂંક સમયે સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય તો જ ઉમેદવારને નિમણૂંક આપવામાં આવશે.
7) પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધીન નિમણૂંક મેળવવાને પાત્ર થશે.
8) ઉમેદવારે પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણોસર સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાને હકકદર થશે નહી. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાત્રી થાય કે જાહેર સેવા સારું ઉમેદવાર યોગ્ય જણાતો નથી તો તેને પડતો મુકી શકાશે. નિમણૂંક બાબતે તેઓનો નિર્ણય આખરી રહેશે.

9) ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો - ૧૯૬૭ (વખતો વખતનાં સુધારા સહીત) અને તે અન્વયે જે તે સવર્ગના ઘડવામાં આવેલ ભરતીના નિયમોને આધીન રહેશે.

10) આ જાહેરાત અન્વયે અર્થઘટન બાબતે જે તે સવર્ગના ભરતી નિયમો અને પરીક્ષા નિયમોની જોગવાઇ આખરી રહેશે.

11) આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઇ પણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો મંડળને સંપુર્ણ હકક/અધિકાર રહેશે અને સંચાલક મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

12) અરજી માટે ભરેલ રૂ. ૧000/- પ્રોસેસિંગ ફી રીફંડ મળવા પાત્ર રહેશે નહીં.

13) ન્યાયિક કાર્યવાહી માટે ન્યાયક્ષેત્ર બોરસદ પુરતું મર્યાદિત રહેશે.

**સ્થળ: ભાદરણ**

**તારીખ:**

**મંત્રીશ્રી**

**શ્રી પ્રગતિ મંડળ,ભાદરણ**